પ્રકાશક :
નરેંદ્રકુમાર ડી. શાહ
વ્યવસ્થાપક : જૈન સાહિત્ય પ્રકાશન મંદિર
દયાભાઈ [illegible] બીલ્ડીંગ,
[illegible] મંદિર, મુંબઈ-૯.

પ્રથમ આવૃત્તિ
સં. ૨૦૧૭, સને ૧૯૬૧

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ : : અમદાવાદ.

પ્રકાશકનું નિવેદન

સંવત ૨૦૧૪ ના શ્રાવણ વદિ આઠમને રોજ જૈન શિક્ષાવલીની યોજના સક્રિય બની હતી. તે વખતે તેની ત્રણ શ્રેણીઓ પ્રગટ કરવાની ભાવના હતી, જે આ શ્રેણીનાં પ્રકાશન સાથે પૂર્ણ થાય છે અને અમારાં હૃદયમાં અકથ્ય આનંદની લહરિઓ પ્રગટાવતી જાય છે.

આ પુસ્તકો માટે અમને આજસુધીમાં વણમાગ્યાં અનેક અભિપ્રાયો પ્રાપ્ત થયા છે અને તેમાં આ પુસ્તકોની ઉપયોગિતા તથા રસમય શૈલી વિષે સંતોષ કે આનંદ પ્રકટ કરવામાં આવ્યો છે, એટલે અમારો આ પ્રયાસ સફલતાને પ્રાપ્ત થયો છે, એમ માનીએ તો અયોગ્ય નથી.

આ ત્રણ શ્રેણીમાં કુલ ૧૭૦૦ ઉપરાંત પૃષ્ઠોનું વાંચન અપાયું છે અને તેમાં અનેક ઉપયોગી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે, એટલે જેને જૈન ધર્મના વાસ્તવિક મર્મથી પરિચિત થવું છે, તેને માટે તે અત્યંત ઉપયોગી છે, એમ કહેવામાં અમે જરાય સંકોચ અનુભવતા નથી.

દર વર્ષે એક એક શ્રેણીનું પ્રકાશન થઈ શક્યું, તેમાં પૂજ્ય આચાર્યો, મુનિવરો, ધર્મરસિક તથા સાહિત્યપ્રિય ગૃહસ્થો, સંબંધીઓ અને મિત્રો એ બધાનો સહકાર કારણભૂત છે, તેથી આ તકે એ બધાનો હાર્દિક આભાર માનીએ છીએ અને હવે પછીની અમારી સાહિત્યપ્રકાશનની યોજનાને એ જ રીતે સહકાર આપતા રહેવાની વિનંતિ કરીએ છીએ.

વિશેષ આભારદર્શન આ શ્રેણીનાં છેલ્લાં પુસ્તકમાં આપેલું છે, તે જોઈ જવા વિનંતિ છે.

પ્રકાશક.

વિષયાનુક્રમ



॥ ॐ ह्रीँ अर्हं नमः ॥

શક્તિનો સ્રોત

૧—નિબંધનું પ્રયોજન

આપણા દેહ કે શરીરમાં શક્તિનો એક અજબ સ્રોત વહી રહ્યો છે, શક્તિનો એક અદ્ભુત પ્રવાહ ચાલી રહ્યો છે, શક્તિની એક અસ્ખલિત ધારા ગતિમાન થઈ રહી છે. આપણાં નસકોરાં તેની ખાતરી આપે છે, આપણી નાડીઓ તેની પ્રતીતિ કરાવે છે, આપણું હૃદય તેનાં અસ્તિત્વનો કોલ આપે છે.

જો શક્તિનો આ અજબ સ્રોત આપણાં શરીરમાં વહેતો ન હોય તો આપણે હાથ હલાવી શકીએ નહિ, પગ ચલાવી શકીએ નહિ, શરીરનું કોઈ પણ અંગ ઊંચું-નીચું કરી શકીએ નહિ, બોલી શકીએ નહિ, વિચાર કરી શકીએ નહિ, શ્વાસોચ્છ્વાસ લઈ શકીએ નહિ, અરે! નાની કે મોટી, સામાન્ય કે વિશેષ કોઈપણ ક્રિયા કરી શકીએ નહિ. તો પછી શાસ્ત્રકારોએ વર્ણવેલા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર વર્ગની સાધના તો થાય જ શી રીતે?

જો કોઈ એમ માનતું હોય કે શક્તિ વિના પણ આ બધું થઈ શકે છે, તો તેણે પોતાની આ માન્યતા પ્રયોગ દ્વારા પુરવાર કરી આપવી જોઈએ. બે અનુભવી ડોકટરોને હાજર રાખી, પાંચ પીઢ માણસોને ભેગા કરી, પોતાનામાં

એવો સિદ્ધાંત સ્થાપિત કર્યો છે કે જ્યાં કંઈ પણ કાર્ય દેખાય ત્યાં શક્તિનું અસ્તિત્વ અવશ્ય માનવું.

એક મનુષ્ય અવસાન પામ્યો અને તેને નનામીમાં બાંધીને સ્મશાનમાં લઈ જવામાં આવ્યો. ત્યાં તેને કાષ્ઠની ચિતા પર પધરાવતાં તેના જમણા પગનો અંગૂઠો સહેજ હાલ્યો, તેથી પાસે ઊભા રહેલાઓમાંના એકે કહ્યું કે 'અરર! અરર! આમાં તો હજી જીવ લાગે છે. મેં હમણાં જ તેનો અંગૂઠો હાલતો જોયો.' બીજાઓએ કહ્યું: 'રામ રામ બોલો. હવે આમાં જીવ ક્યાંથી હોય?' છતાં પેલા ભાઈના આગ્રહથી તેને નીચે ઉતારવામાં આવ્યો, ત્યાં વૈદ્ય ડૉક્ટરને બોલાવવામાં આવ્યા અને યોગ્ય ઉપચાર કરતાં તે ઊભો થયો. ત્યાર પછી તો તેણે ગૃહસંસાર ભોગવ્યો અને બહુ બાળકોનો પિતા બન્યો. તાત્પર્ય કે અહીં નાનું સરખું કાર્ય દેખાયું. તેના પરથી શક્તિ હોવાનું અનુમાન થયું અને તે સાચું હતું.

શક્તિનો આ ભેદ મહાપુરુષો વડે ચેતનાની સંજ્ઞા પામ્યો છે. તે સંબંધી કેટલીક ચર્ચા—વિચારણા કરવી એ પ્રસ્તુત નિબંધનું પ્રયોજન છે.

૨—ચેતના એ જીવનું અસાધારણ લક્ષણ છે.

'આપણાં શરીરમાં ચેતના શાથી જણાય છે?' તેના ઉત્તરમાં જૈન મહર્ષિઓએ કહ્યું છે કે 'તેમાં જીવ છે, માટે ચેતના જણાય છે. પથ્થર, કાચ, લાકડી વગેરેમાં જીવ નથી, તો ત્યાં ચેતના જણાતી નથી.'

શૂરવીર હોય છે, કોઈ બાયલા હોય છે; કોઈ મહેનતુ હોય છે, તો કોઈ આળસુ હોય છે.

વળી બધા પ્રાણીઓની પ્રવૃત્તિ પણ જૂદી જૂદી હોય છે. કોઈ સૂતું હોય છે, તો કોઈ બેઠું હોય છે; કોઈ ઉભું હોય છે, તો કોઈ દોડતું હોય છે; કોઈ શિકાર કરતું હોય છે, તો કોઈ રક્ષણ કરતું હોય છે. મનુષ્ય પરત્વે કહીંએ તો કોઈ ખેતીવાડીમાં મગ્ન હોય છે, તો કોઈ વ્યાપારમાં; કોઈ અધ્યયન—અધ્યાપનમાં મશગુલ હોય છે, તો કોઈ લડાઈમાં; કોઈ કલાકારીગરીમાં ઓતપ્રોત હોય છે, તો કોઈ કેવળ મજૂરીમાં.

ઉપરાંત બધા પ્રાણીઓનો સુખદુઃખનો અનુભવ પણ સરખો હોતો નથી. એક આનંદમાં મગ્ન હોય છે અને કિલ્લોલ કરે છે, ત્યારે બીજુ શોકમાં ડૂબેલું હોય છે અને કાળો કલ્પાંત કરે છે. એકનાં મુખ પર શાંતિ અને સંતોષનાં ચિહ્નો જણાય છે, તો બીજાનાં મુખ પર અશાંતિ–દુઃખ વેદના–અસંતોષની નીશાનીઓ સ્પષ્ટ જોવામાં આવે છે. વળી એક જ ઘટના બે પ્રાણીઓનાં–બે મનુષ્યનાં મન પર જૂદી જૂદી અસર કરે છે. એકની પત્ની ગૂજરી જાય છે, તો એ રુદન કરે છે, હાયવોય કરે છે અને હવે આ બાળબચ્ચાંઓને શી રીતે સંભાળીશ ? મારો ગૃહવ્યવહાર શી રીતે ચાલશે ? એની ફીકરમાં ડૂબી જાય છે. ત્યારે બીજાની પત્ની ગૂજરી જતાં એ ઠાવકા મોઢે કહે છે કે ' ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ. '

જો બધા પ્રાણીઓમાં એક જ ચેતના વ્યાપી રહી હોય તો આ પ્રમાણે સ્વભાવની જૂદાઈ, પ્રવૃત્તિની જૂદાઈ, સુખદુઃખના અનુભવની જૂદાઈ સંભવે નહિ.

વળી બધામાં એક જ ચેતના વ્યાપી રહી હોય તો બધાની ઉન્નતિ કે અવનતિ સાથે જ થાય, પણ જોવામાં એવું આવે છે કે એક ઉન્નતિની ટોચે ચડે છે, બીજો પોતાની સ્થિતિ જાળવી રાખે છે, તો ત્રીજો અવનતિના ઊંડા ખાડામાં ગબડી પડે છે. આ બધાં કારણોને લીધે બધાં પ્રાણીઓમાં એક જ ચેતના વ્યાપી રહી છે, એમ કહેવું અયોગ્ય કે ગેરવ્યાજબી છે. સત્ય હકીકત એ છે કે દરેક પ્રાણીમાં જૂદો જૂદો જીવ છે અને તેના આધારે જ તેમાં ચેતના જણાય છે.

કેટલાક કહે છે કે આ જગતમાં જીવ જેવી કોઈ સ્વતંત્ર વસ્તુ નથી, પછી ચેતના એ તેનું લક્ષણ શી રીતે બની શકે? ચેતના તો પંચભૂતનાં સંયોજનથી ઉત્પન્ન થાય છે અને તેના વિનાશ કે વિયોગથી નાશ પામે છે. તેઓ પોતાના આ સિદ્ધાંતનાં સમર્થનમાં મદ્ય (દારૂ) નું દૃષ્ટાંત આગળ કરીને કહે છે કે 'જેમ મદ્યનું પ્રત્યેક અંગ જેવું કે ધાવડીનું ફૂલ, ગોળ, પાણી એ કોઈમાં મદ્યશક્તિ દેખાતી નથી, છતાં જ્યારે તેનો સમુદાય બની જાય છે, ત્યારે તેમાં મદશક્તિ ઉત્પન્ન થાય છે અને તે અમુક કાળ સ્થિર રહી વિનાશની સામગ્રી મળતાં નષ્ટ થઈ જાય છે, તેમ પૃથ્વી આદિ દરેક ભૂતમાં ચૈતન્યશક્તિ દેખાતી

નથી, પણ જ્યારે તેનો સમુદાય થાય છે, ત્યારે તે પ્રત્યક્ષ દેખાય છે અને અમુક કાળ સ્થિર રહી નષ્ટ થઈ જાય છે.'

પરંતુ આ દૃષ્ટાંત ખોટું છે, કારણ કે ધાવડીનાં ફુલ, ગોળ વગેરેમાં મદ્યની થોડી ઘણી માત્રા રહેલી છે, તેથી જ તેનું સંયોજન થતાં મદ્યની શક્તિ ઉત્પન્ન થાય છે, જ્યારે પંચભૂતોમાં તો ચૈતન્યનો કોઈ અંશ રહેલો નથી, તો તેમાંથી ચૈતન્યની ઉત્પત્તિ શી રીતે થાય? જે ભિન્ન ભિન્ન ગુણવાળા પદાર્થો છે, તેનાં સંયોજનમાંથી કોઈ અપૂર્વ ગુણની ઉત્પત્તિ થઈ શકતી નથી. ઘટ કે પટ (ઘડા અને વસ્ત્ર) નો સમુદાય એકઠો કરીએ તો તેમાંથી સ્થંભ નીપજે છે ખરો? અથવા રૂક્ષ એવા રેતીના કણોનો સમુદાય એકઠો કરીએ તો તેમાંથી સ્નિગ્ધ એવું તેલ નીકળી આવે ખરું?

જો પંચભૂતનાં વિશિષ્ટ સંયોજનથી ચૈતન્યશક્તિ પેદા થતી હોય તો તે બધા પ્રાણીઓમાં–બધા જીવોમાં સરખી રીતે વ્યક્ત થવી જોઈએ, પણ તેમાં તરતમતા દેખાય છે. પંચેન્દ્રિય પ્રાણીઓમાં એ શક્તિ જેટલા પ્રમાણમાં વ્યક્ત થાય છે, તેટલી ચઉરિંદ્રિય પ્રાણીઓમાં વ્યક્ત થતી નથી; જેટલી ચઉરિંદ્રિય પ્રાણીઓમાં વ્યક્ત થાય છે, તેટલી તેઇંદ્રિય પ્રાણીઓમાં વ્યક્ત થતી નથી; જેટલી તેઇંદ્રિય પ્રાણીઓમાં વ્યકત થાય છે, તેટલી બેઇંદ્રિય પ્રાણીઓમાં વ્યકત થતી નથી; અને જેટલી બેઇંદ્રિય પ્રાણીઓમાં વ્યકત થાય છે, તેટલી એકેન્દ્રિય પ્રાણીઓમાં વ્યકત થતી નથી.

[જેઓ ઇંદ્રિય પ્રમાણે પ્રાણીઓનું વર્ગીકરણ ન સ્વીકા
હોય તેમણે મનુષ્ય, પશુ. પક્ષી, કીડા, જંતુ, વનસ્પતિ
બધાનાં ચૈતન્યમાં રહેલી તરતમતાનો વિચાર કરી જોવે

વળી મનુષ્ય–મનુષ્યમાં પણ શક્તિની તરતમતા જો
આવે છે. એક બહુ બુદ્ધિમાન હોય છે, તો બીજો
ક હોય છે; એકની સ્મરણશક્તિ ઘણી તીવ્ર હોય છે,
બીજાને પાંચ-પંદર વાર ગોખવા છતાં યાદ રહેતું નથી,
એકમાં ચતુરાઈ ઘણી હોય છે, તો બીજો ઢોરમાં ખપે

જો ભૂતોનાં પ્રમાણમાં ચૈતન્યની ઉત્પત્તિ સ્વીકારવામાં
આવે તો જાડા માણસમાં ચૈતન્ય વધારે હોવું જોઈએ
અને પાતળા માણસમાં ચૈતન્ય ઓછું હોવું જોઈએ. પણ
પરિસ્થિતિ તેથી ઊલટી જ દેખાય છે. જાડા માણસોમાં સ્ફૂર્તિ
ઓછી હોય છે અને તેઓ બેઠા ત્યાંથી જલદી ઊભા થવાની
[illegible] નથી, જ્યારે પાતળા માણસોમાં સ્ફૂર્તિ વધારે
[illegible] હોય તો

રીતે પણ ચોક્કસ કરે છે. જ્યારે એવું વિધાન કરવામાં આવે કે અમુક વસ્તુનાં સંયોજનથી અમુક વસ્તુ બને છે, ત્યારે તે વસ્તુઓનાં સંયોજનથી તે વસ્તુ અવશ્ય બનવી જોઇએ. હરડાં, બહેડાં અને આંબળાંનાં સંયોજનથી ત્રિફળાં બને છે, એમ કહેનારાઓ હરડાં, બહેડાં અને આંબળાં ભેગાં કરી તેનું ત્રિફળાચૂર્ણ બનાવી આપે છે. આ રીતે પંચભૂતનાં સંયોજનથી ચૈતન્યની ઉત્પત્તિ માનનારાઓએ પંચભૂત ભેગાં કરીને ચૈતન્યની ઉત્પત્તિ કરી બતાવવી જોઈએ, પણ કોઇએ હજી સુધી તેમ કરી બતાવ્યું નથી.

આજનું વિજ્ઞાન પણ એમ જ માને છે કે અમુક પદાર્થોનાં સંયોજનથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે, પણ તેણે હજી સુધી ચૈતન્યની ઉત્પત્તિ કરી બતાવી નથી, એટલું જ નહિ પણ જીવતી આંખ જેવી આંખ, જીવતા કાન જેવો કાન કે જીવતી ચામડી જેવી ચામડી બનાવવામાં પણ સફળતા મેળવી નથી, એટલે એ સિદ્ધાંત સાચો નથી. હવે વૈજ્ઞાનિકોની શ્રદ્ધા પણ એ સિદ્ધાંતમાંથી ઉઠતી જાય છે અને ચેતના-ચૈતન્ય એ સ્વતંત્ર શક્તિ હોવાનું તેઓ સ્વીકારતા જાય છે.

આ વિષયમાં સાપેક્ષવાદ (Theory of relativity)ની પ્રતિષ્ઠા કરનાર ડૉ. આલ્બર્ટ આઈન્સ્ટીને કહ્યું છે કે 'સમસ્ત પ્રકૃતિમાં ચેતના કામ કરી રહી છે, એમ હું માનું છું.'

સર. એ. એસ. એડિંગ્ટને કહ્યું છે કે 'કોઈ અજ્ઞાત શકિત કામ કરી રહી છે. અમે એ નથી જાણતા કે તે શું

છે? હું ચૈતન્યને મુખ્ય માનું છું, ભૌતિક પદાર્થોને ગૌણ. પુરાણો નાસ્તિકવાદ હવે ચાલ્યો ગયો છે. ધર્મ એ આત્મા તથા મનનો વિષય છે અને આપણે તેને ડગાવી શકતા નથી.

સર. જેમ્સ જીને કહ્યું છે કે 'હવે વિશ્વ જડ યંત્ર' અપેક્ષાએ મન–ચેતનાની વધારે નજીક લાગે છે. મન એ વસ્તુ નથી કે જે જડની દુનિયામાં ક્યાંયથી અકસ્માત ટપકી પડી હોય.'

જે. બી. એસ. હેલ્ડને કહ્યું છે કે 'વિશ્વનું મૌલિક તત્ત્વ જડ દ્રવ્ય, બળ કે ભૌતિક પદાર્થો નથી, પણ મન અને ચેતના છે.'

સર જે. એ. થોમસને 'ધી ગ્રેટ ડીઝાઈન' નામના મનનીય ગ્રંથમાં જે શબ્દો લખ્યા છે; તેનું ઉદ્ધરણ પણ અહીં ઉપયોગી છે. તે જણાવે છે કે 'સમસ્ત પ્રાણીજગતમાં એવી પ્રક્રિયાઓ નજરે પડે છે કે જે પોતાનાં મન સાથે સંબંધ ધરાવે છે. અમીબા (સૂક્ષ્મ જલજંતુ) થી માંડીને મોટા પ્રાણી સુધી એક આંતરિક તથા વૈયક્તિક જીવનનું ઝરણું વહે છે. ક્યાંક એનો સ્રોત પાતળો હોય છે, ક્યાંક અતિ બળવાન. લાગણી, કલ્પના, તર્ક બધું તેમાં આવી જાય છે. બોધ્યુદ્ધ અવસ્થા પણ તેની અંતર્ગત છે.'

તાત્પર્ય કે ચેતના–ચૈતન્ય એ જડ વસ્તુના સંયોગથી ઉત્પન્ન થનારી વસ્તુ નથી, પણ જીવનો ગુણ છે, જીવનું અસાધારણ લક્ષણ છે.

૩–ચેતનાશક્તિ અને જડશક્તિમાં રહેલો ભારે તફાવત

જડમાં પણ એક પ્રકારની શક્તિ છે, જેમ કે બે ચકમક અથડાય તો તેમાંથી અગ્નિના તણખા ઝરે છે. ચાવી દીધી હોય તો ઘડિયાળ કેટલાક દિવસ સુધી ચાલ્યા કરે છે. વરાળ કે પેટ્રોલની સહાય મળે તો યંત્રો ગતિમાન થાય છે. રાસાયણિક પદાર્થોનું સંયોજન થતાં તેમાંથી અગ્નિ પ્રગટે છે, વગેરે વગેરે. પરંતુ ચેતનાશક્તિ અને જડશક્તિમાં ભારે તફાવત રહેલો છે, તે આપણે બરાબર લક્ષમાં રાખવો જોઈએ.

ચેતનાશક્તિમાં સંજ્ઞા, વિચાર, લાગણી, ઈચ્છા વગેરેનું તત્ત્વ જોવામાં આવે છે, ત્યારે જડશક્તિમાં આવું કંઈ જોવામાં આવતું નથી. હાથીનું રમકડું ચાવી દેવાથી ચાલે–દોડે ખરું, પણ તે જીવંત હાથીની જેમ ઈચ્છાપૂર્વકની વિવિધ ગતિ કરી શકે નહિ. જીવંત હાથીને ચાલતાં આનંદ આવે તો તે પોતાની સૂંઢ આમતેમ ઉછાળે, પૂંછડી હલાવે કે મસ્તક ડોલાવે, પરંતુ જડ રમકડું એવું કશું કરી શકે નહિ.

મનુષ્ય, પશુ વગેરે જીવંત પ્રાણીઓ અમુક સ્થળે જવું હોય તો રસ્તામાં થોભે, આરામ કરે, ખાય–પીએ અને વળી પોતાનો માર્ગ કાપે, પણ જડશક્તિ અર્થાત્ યાંત્રિક રીતે ગતિ કરનારો પદાર્થ તેમ કરી શકે નહિ. તોપમાંથી ગોળો છૂટ્યો, એટલે તે સીધો નીશાન ભણી જ જવાનો. ન તે રસ્તામાં ક્યાંય થોભે કે ન ક્યાંય આરામ કરે.

થઈ શકે છે એ વાત સાચી, પણ તે એક જીવંત પ્રાણીની બરોબર તુલના કરી શકતી નથી, એ વાત પણ એટલી જ છે. જીવંત પ્રાણીમાં સંજ્ઞા વગેરે હોય છે, તે જડ પદાર્થોમાં, જડ શક્તિમાં હોતા નથી.

૪-સંજ્ઞા

સંજ્ઞા એ ચેતનની એક પ્રકારની અભિવ્યક્તિ છે અને તે સર્વ પ્રાણીઓમાં જોવામાં આવે છે. જૈન શાસ્ત્રોએ આવી ચાર, દશ કે સોળ સંજ્ઞાઓની નોંધ લીધી છે. આ સંજ્ઞાઓનું સ્વરૂપ જાણવાથી ચેતના અંગે વધારે પ્રકાશ પડશે.

ચાર સંજ્ઞા

શ્રી સ્થાનાંગસૂત્રમાં કહ્યું છે કે 'चत्तारि सण्णाओ पण्णत्ते–आहारसण्णा, भयसण्णा, मेहुणसण्णा, परिग्गहसण्णा –(જ્ઞાની ભગવંતોએ) ચાર સંજ્ઞાઓ કહેલી છે : (૧) આહારસંજ્ઞા, (૨) ભયસંજ્ઞા, (૩) મૈથુનસંજ્ઞા અને (૪) પરિગ્રહસંજ્ઞા.

મનુષ્યને અમુક સમયે ક્ષુધાનો ઉદય થાય છે, અર્થાત્ ભૂખ લાગે છે અને આહાર કરવાની અભિલાષા થાય છે, તે આહારસંજ્ઞા સમજવી. પશુ, પક્ષી, કીડા, જંતુ વગેરેમાં પણ આપણે આ સંજ્ઞા જોઈ શકીએ છીએ. તેઓ આહાર મેળવવા માટે કંઈ ને કંઈ પ્રવૃત્તિ કરતા જ હોય છે. એકેન્દ્રિય જીવોને પણ આ સંજ્ઞા હોય છે, પણ તે અનાભોગ અને અવ્યક્ત હોય છે, એટલે તે આપણે જાણી શકતા નથી. આમ છતાં વનસ્પતિમાં આપણને આ બાબતનું પ્રમાણ

(૧) ઇહલોકભય એટલે મનુષ્યને મનુષ્ય તરફનો ભય.
જેમ કે ચોર, લુટારા, વગેરે, ઠગ ધુતારા કે દુશ્મનાવટ
ની રીત તો હોય તરફનો ભય લાગે છે કે રખેને તે શું
ની કરશે? રાજા તરફનો ભય, કુટુંબનો ભય, એ પણ
મનુષ્યકૃત ભયો છે. (૨) પરલોકભય એટલે તિર્યંચાદિ
જંતુ આદિનો ભય. સિંહ, વાઘ, વિંછી, હાથી, સર્પાદિ
દંશ, સાપ, આદિ પશુઓનો મનુષ્યને ભય લાગે છે, તે આ
લોક પરલોકનો ભય કહેવાય. (૩) આદાનભય એટલે
ધનમાલ મિલ્કત-વસ્તુઓ-અલંકારો વગેરે ચોરાઇ જવાનો ભય.
[illegible], તિજોરીની [illegible], [illegible]
વગેરે આપણામાં રહેલા ભય આપણી નીચાનીચતા છે.
(૪) અકસ્માતભય એટલે આગ, જળપ્રલય વગેરેનો ભય.
ધરતીકંપ આગ લાગી હોય તો આપણને ગભરાટ થાય છે
કે આપણું શું થશે? આપણા માલનું શું [illegible] આપણી
શું હોય તો આપણે [illegible] કે
તે આપણા હાલ કેવા થશે? (૫) વેદનાભય એટલે
વિવિધ રોગો તથા પીડાનો ભય, તે પણ મનુષ્યને કેટલા
બાબત ભાગતી રહે છે, તે કોઇથી અજાણ્યું નથી. (૬)
મરણભય-મરવાનો ભય. સામાન્ય રીતે દરેક મનુષ્યને
મરવાનો ભય હોય છે. જે પુરુષો ઉંચી અવસ્થાએ પહોંચ્યા
છે, તેમને આવો ભય લાગતો નથી. અને (૭) અપકીર્તિ
ભય એટલે અપકીર્તિ થવાનો ભય. અમુક કાર્યથી મારી
અપકીર્તિ થશે એવો ભય મનુષ્યને લાગે છે અને તેથી
તે ઘણી વખત ખોટાં કામો કરતો અટકી જાય છે.

પશુ-પંખી વગેરેને પણ ડર લાગે છે. પશુઓ ગુ
કે બખોલમાં રહેવાનું પસંદ કરે છે તથા પક્ષીઓ વૃક્ષ
ડાળ પર માળા બાંધે છે, એ ભયમાંથી ઉપજતી સંરક્ષ
વૃત્તિને આભારી છે. શાસ્ત્રકારોએ એકેન્દ્રિયમાં પણ
સંજ્ઞા માની છે, પણ તે અનાભોગ અને અવ્યક્ત હોય
વનસ્પતિમાં જે સંકોચ થાય છે, તે આ સંજ્ઞાનું પરિ
જાણવું. રીસામણીનાં પાનને સ્પર્શ કરતાં જ તે ઝડ
બીડાઈ જાય છે, એટલે તેનામાં એ સંજ્ઞા અન્ય વનસ્
કરતાં જોરદાર છે, એમ સમજવું.

જે જડ પદાર્થો છે, તેને કોઈ પ્રકારનો ભય લા
નથી. શસ્ત્રાસ્ત્ર મનુષ્ય કે પશુપક્ષીને ભય ઉપજાવી શકે
પણ ભીંત કે થાંભલાને ભય ઉપજાવી શકતા નથી.

મનુષ્યને વિષયસેવનની જે અભિલાષા થાય છે,
મૈથુનસંજ્ઞા જાણવી. વિદ્વાનોએ સ્મરણ, કીર્તન, કેલિ, પ્રેક્ષણ,
ગુહ્ય ભાષણ, સંકલ્પ, અધ્યવસાય અને ક્રિયાનિવૃત્તિ એમ
મૈથુનના આઠ પ્રકારો માન્યા છે. સ્મરણ એટલે પ્રશંસા કરવી,
તેને સારું માનવું; કેલિ એટલે તેની સાથે ક્રીડા કરવી;
પ્રેક્ષણ એટલે તેની સામે રાગભરી-સ્નેહભરી દૃષ્ટિએ જોયા
કરવું; ઉપલક્ષણથી ખાનગી પત્રો લખવા; સંકલ્પ એટલે
તેને મેળવવાની દૃઢ ઇચ્છા કરવી; અધ્યવસાય એટલે એ
ઇચ્છામાં રમ્યા કરવું અને ક્રિયાનિવૃત્તિ એટલે ક્રિયા કરવી,
સંભોગ કરવો. બ્રહ્મચર્યપાલનમાં મૈથુનનાં આ આઠે અંગોનો
ત્યાગ કરવાનો હોય છે.

પશુ-પક્ષીમાં પણ નરમાદાનાં જોડાં હોય છે અને તેમને વિષયાભિલાષા થતી જોવાય છે. કીડા તથા જંતુઓમાં આ સંજ્ઞા જૂદા જૂદા પ્રકારે વ્યક્ત થાય છે. પ્રાણીશાસ્ત્રીઓએ તેનાં સંવનનના અનેક પ્રકારો દર્શાવ્યા છે. એકેન્દ્રિય જીવો પણ આ સંજ્ઞાથી યુકત હોય છે, પણ તેમને આ સંજ્ઞા અનાભોગ અને અવ્યકત હોય છે. વનસ્પતિમાં તેની કેટલીક સાબીતી મળે છે. તે અંગે શૃંગારતિલકનો નીચેનો શ્લોક અહીં ઉદ્ધૃત કરવો ઉપયોગી ગણાશે :–

सुभग ! कुरवकस्त्वं नो किमालिङ्गनोत्सुकः,
किमु मुखमदिरेच्छु केसरो नो हृदिस्थः ।
त्वयि नियतमशोके युज्यते पादघातः
प्रियमिति परिहासात् पेशलं काचिदूचे ॥

'કોઇ લલના પતિનો પરિહાસ કરતાં કોમળ વચનો દ્વારા તેને કહે છે કે હે સૌભાગ્યશાળી ! તું તો મારું કુરુબક વૃક્ષ છે, છતાં આલિંગન દેવાને ઉત્સુક કેમ થતો નથી? તું તો મારાં હૃદયમાં રહેલું કેશરનું વૃક્ષ છે, છતાં મુખમદિરા પીવાની ઇચ્છા કેમ કરતો નથી? તું નક્કી અશોકવૃક્ષ જેવો છે, એટલે તને પાદપ્રહાર કરું એ જ યોગ્ય છે.'

તાત્પર્ય કે કુરુબક નામનું વૃક્ષ સ્ત્રીનાં આલિંગનની ઇચ્છા રાખે છે અને કોઇ નવયૌવના સ્ત્રી તેને આલિંગન આપે તથા શૃંગારિક વચનો કહે તો તે ફળે છે. કેશર નામનું વૃક્ષ નવયૌવના સ્ત્રીએ તેના પર કરેલા મદિરાના

કોગળાથી પ્રસન્ન થાય છે અને અશોકવૃક્ષને કોઈ શૃંગાર-સજ્જિત સ્ત્રી લાત મારે તો પુષ્પાદિ આવે છે. પ્રાચીન પુરુષોએ વનસ્પતિનાં જીવનનું સૂક્ષ્મ અવલોકન કરેલું છે, તેના પરથી આ વસ્તુ બહાર આવી છે.

જડ વસ્તુને મૈથુનની અભિલાષા કદી પણ થતી નથી. પલંગ પર સોળ શણગાર સજીને એક સ્ત્રી બેઠેલી હોય છતાં તેને કંઈ પણ અસર થશે નહિ; અથવા એક પૂતળાંની આગળ એક સ્ત્રી ગમે તેવા હાવભાવ કરે તો પણ તેનામાં મૈથુનની અભિલાષા સ્ફુરશે નહિ.

મનુષ્યને વિવિધ વસ્તુઓ તથા ધનમાલ એકઠા કરવાની જે અભિલાષા ઉદ્ભવે છે, તે **પરિગ્રહસંજ્ઞા** સમજવી. પશુપંખીમાં પણ આ સંજ્ઞા જોવામાં આવે છે. કબૂતરો અનેક જાતની વસ્તુઓ ઉપાડી લાવી ભેગી કરે છે, જેથી પોતાનો માળો બાંધી શકાય. કીડીઓ પણ કણનો સંચય કરે છે અને પોતાના દરમાં રાખી મૂકે છે. એકેન્દ્રિયમાં આ સંજ્ઞા અનાભોગ અને અવ્યક્ત હોય છે. વનસ્પતિમાં વેલીઓ વૃક્ષને વીંટળાઈ જાય છે, તે આ સંજ્ઞાનું પરિણામ જાણવું. તે અંગે શાસ્ત્રમાં કહ્યું છે કે 'निअतंतुएहिं वेढइ वल्ली रुक्खं परिग्गहेण ।'

કોઈ જડ પદાર્થને આવી સંજ્ઞા હોતી નથી. ટેબલ પર નોટોનાં ગમે તેટલાં બંડલ પડ્યાં હોય, તો પણ તેને

ની અભિલાષા થતી નથી કે લાવો, આમાંના થોડા બંડલ
રાખી લઉં!

આ સંજ્ઞા દરેક પ્રાણીઓમાં ઓછા પ્રમાણમાં હોય છે,
નો ખ્યાલ પણ શાસ્ત્રકાર ભગવંતોએ આપ્યો છે. તે
આ રીતે :–

નારકના જીવો–મૈથુન, આહાર, પરિગ્રહ અને ભય.
તિર્યંચના જીવો–પરિગ્રહ, મૈથુન, ભય અને આહાર.
મનુષ્યના જીવો–ભય, આહાર, પરિગ્રહ અને મૈથુન.
દેવના જીવો–આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ.

આમાં પ્રથમ સંજ્ઞા દર્શાવી છે તે ઓછામાં ઓછા
જીવોને લાગતી અને ત્યાર પછીની સંજ્ઞાઓવાળા ઉત્તરોત્તર
સંખ્યાત-ગુણ સમજવા. એટલે નારકીના જીવોમાં મૈથુન
સંજ્ઞાવાળા ઓછામાં ઓછા હોય અને ભય સંજ્ઞાવાળા
નારકીઓમાં વધારે હોય. આ રીતે બીજી ગતિના જીવો
અંગે સમજી લેવું.

દશ સંજ્ઞા

શ્રી ભગવતી સૂત્રના સાતમા શતકના આઠમા ઉદ્દે-
શકમાં કહ્યું છે—

आहारभयपरिग्गहमेहुण तह कोह माण माया य ।
लोभो लोगो ओहो सन्ना दस सव्वजीवाणं ॥

'(૧) આહાર, (૨) ભય, (૩) પરિગ્રહ, (૪) મૈથુન,
(૫) ક્રોધ, (૬) માન, (૭) માયા, (૮) લોભ, (૯) લોક
અને (૧૦) ઓઘ, એ દશ સંજ્ઞા સર્વ જીવોને હોય છે.'

અહીં પાઠકને એવો પ્રશ્ન થવા સંભવ છે કે 'શાસ્ત્રમાં એક સ્થળે ચાર સંજ્ઞા કહી અને અહીં દશ કહેવામાં આવે છે, તેનું કારણ શું?' તેનો ખુલાસો એ છે કે ચાર સંજ્ઞાઓ મોટી છે, તેથી મુખ્યતયા એનો વ્યવહાર થાય છે. પરંતુ તે ઉપરાંત બીજી પણ છ સંજ્ઞાઓ સર્વ જીવોને હોય છે.'

મનુષ્યને ગુસ્સો આવે છે, રોષ આવે છે, તે ક્રોધસંજ્ઞા છે. પશુ-પક્ષીઓમાં પણ તે જોઈ શકાય છે. વાઘ, સાપ વગેરે તેમના ક્રોધ માટે જાણીતા છે. વનસ્પતિમાં કોકનદનો કંદ ક્રોધથી હુંકાર કરે છે, એટલે કે તેના પર પગ પડયો હોય તો તેમાંથી 'હુંકાર' એવો અવાજ આવે છે.

મનુષ્યને કુલ, જાતિ, ઐશ્વર્ય, વિદ્યા વગેરે કારણે અભિમાનની વૃત્તિ ઉત્પન્ન થાય છે, તે માનસંજ્ઞા છે. પશુપક્ષીઓમાં પણ તેનાં દર્શન થાય છે. તેજી ઘોડાને પોતાની જાતિનું પણ અભિમાન હોય છે તથા કૂકડો પોતાનાં સૌન્દર્યને માટે મગરૂર હોય છે. વનસ્પતિમાં રુદંતી નામની વેલી રસ [illegible] છે, તે આ સંજ્ઞાનું પરિણામ જાણવું. તે માટે શાસ્ત્રમાં '[illegible]' જેવા પાઠ છે.

મનુષ્યને કપટ કરવાની, દંભ કરવાની, બીજાને [illegible] આપવાની વૃત્તિ થાય છે, તે માયા- [illegible] પણ આ સંજ્ઞા જોઈ શકાય [illegible] છે અને [illegible] [illegible] આ માયાસંજ્ઞા જાણવી. વનસ્પતિમાં

[illegible] વિદ્યુત [illegible] રહે છે અને [illegible]
[illegible] છે. એવું તેઓની [illegible]
[illegible] છે કે [illegible] છે, આ
[illegible] વેલીઓ પોતાનાં [illegible]
[illegible] છે, તે આ [illegible]સંજ્ઞાનું પરિણામ સમજવું.

[illegible] વનસ્પતિની [illegible] કરે છે, તે
ઓઘસંજ્ઞા સમજવી. [illegible] તે [illegible]
[illegible] છે. [illegible]
[illegible] ત્યારે [illegible] તે [illegible]
[illegible] વનસ્પતિઓ [illegible] અને [illegible]
[illegible] ઉપર પોતાનાં મૂળ નાખે છે, તે આ
[illegible]નું પરિણામ સમજવું.

અમુક જીવને અનુસરવાની તથા પ્રચલિત માન્યતાઓ
સ્વીકારી લેવાની જે વૃત્તિ બતાવે છે, તે લોકસંજ્ઞા
સમજવી. 'ગતાનુગતિકો લોકઃ' એ ઉક્તિ પ્રસિદ્ધ છે.
એનો અર્થ એ છે કે લોકો એક કર્યું તે બીજાએ કરવું
એવી વૃત્તિવાળા હોય છે. 'અગ્નિમાંથી ગતિ નથી,
[illegible] છે, સ્ત્રી દેવગામી છે, કાગડા પિતૃ-
સ્થાન છે, [illegible] પાણીથી ગર્ભ રહે છે, [illegible]
[illegible], અગસ્ત્ય ઋષિ સમુદ્ર પી ગયા,' આવી
બધી માન્યતાઓ સ્વીકાર આ લોકસંજ્ઞાને લીધે જ થાય છે.
પશુઓ ટોળામાં રહે છે અને એકની પાછળ બીજું ચાલ્યું
જાય છે, તેમાં આ સંજ્ઞા કારણભૂત સમજવી. ઘણા પક્ષીઓ

પણ સમૂહમાં રહે છે અને એકબીજાનું અનુકરણ કરે છે. રાત્રિ પડતાં કમળો સંકોચાય છે, તે આ સંજ્ઞાનું પરિણામ જાણવું.

મનુષ્ય એક વસ્તુનાં સામાન્ય જ્ઞાનથી અર્થાત્ વિશિષ્ટ જ્ઞાન વગર એકાએક પ્રવૃત્તિ કરવા તત્પર થઈ જાય છે, તે **ઓઘસંજ્ઞા** સમજવી. પશુ-પંખી વગેરેમાં પણ આવી સંજ્ઞા હોય છે. વેલીઓ અમુક વસ્તુને વળગતી જાય છે અને ઊંચેને ઊંચે ચડવાની વૃત્તિ દર્શાવે છે, તે આ ઓઘસંજ્ઞા સમજવી.

જડમાં આમાંની એક પણ સંજ્ઞા હોય છે ખરી? નહિ જ, કારણ કે તેમાં ચેતના હોતી નથી.

સોળ સંજ્ઞા

આ દશ સંજ્ઞાઓ ઉપરાંત મનુષ્યને બીજી ૬ સંજ્ઞાઓ વિશેષ હોય છે. તે અંગે બૃહત્સંગ્રહણીમાં નીચેની ગાથા દૃષ્ટિગોચર થાય છે:

सुह दुह मोह सन्ना, वितिगिच्छा चउदसमा मुणेयव्वा ।
सोग मय धम्मसन्ना, ओघ सन्ना हवइ मणुयाणं ॥ २८२ ॥

'સુખ, દુઃખ, મોહ, વિચિકિત્સા-જુગુપ્સા એ ચૌદમી જાણવી. [illegible] અને [illegible] એ [illegible] સોળ સંજ્ઞા મનુષ્યને હોય છે.'

ચિકિત્સાસંજ્ઞા સમજવી. શોકની અનિચ્છા જણાય છે, તે
.કસંજ્ઞા સમજવી અને ધર્મ કરવાની વૃત્તિ જાગે છે તે
ર્મસંજ્ઞા સમજવી.

વિકાસક્રમની દૃષ્ટિએ સંજ્ઞાનો વિચાર

વિશેષ વિકાસક્રમની દૃષ્ટિએ સંજ્ઞા ત્રણ પ્રકારની છે:
) હેતુવાદોપદેશિકી, (૨) દીર્ઘકાલિકી અને (૩) દૃષ્ટિ-
દોપદેશિકી.

પોતાના દેહનું પરિપાલન કરવાના હેતુથી સાંપ્રતકાલમાં
ટ વિષયમાં પ્રવર્તવું અને અનિષ્ટ વિષયથી નિવર્તવું તે
તુવાદોપદેશિકી સંજ્ઞા છે. અહીં સાંપ્રતકાલથી તદ્દન નજીકનો
ત અને ભવિષ્યકાલ પણ સમજવો. આ સંજ્ઞા બેઇંદ્રિય,
ઇંદ્રિય અને ચઉઇંદ્રિય જીવોને એટલે જંતુઓ તથા
ડાઓને હોય છે. ઉપરાંત સંમૂર્ચ્છિમ તિર્યંચ અને
ંમૂર્ચ્છિમ મનુષ્યને હોય છે.

'શું થઈ ગયું? શું થશે? અને હવે શું કરવું?'
એ પ્રમાણે અતિ દીર્ઘકાલની ભૂતકાલ અને ભવિષ્યકાલ
ંબંધી જેના વડે ચિંતન થાય તે દીર્ઘકાલિકીસંજ્ઞા સમજવી.
માને સંપ્રધારણસંજ્ઞા પણ કહેવામાં આવે છે. દેવ, નારક,
ાર્ભજ તિર્યંચ તથા ગર્ભજ મનુષ્ય આ સંજ્ઞાવાળા હોય છે.

દૃષ્ટિ એટલે સમ્યગ્દૃષ્ટિ. તેનાથી ઉત્પન્ન થતી વિશિષ્ટ
સંજ્ઞાને દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા કહેવાય છે. આ સંજ્ઞા-
ક્ષાયોપશમિક જ્ઞાનમાં વર્તતા સમ્યગ્દૃષ્ટિ જીવને હોય છે.

આ ત્રણ સંજ્ઞાને અનુલક્ષીને સંજ્ઞી–અસંજ્ઞીનું વર્ગી-
કરણ કરીએ તો નીચે પ્રમાણે થાય છે:

હેતુવાદોપદેશિકી સંજ્ઞાની દૃષ્ટિએ બેઇન્દ્રિય આદિ જીવો
સંજ્ઞી છે અને પૃથ્વી આદિ પાંચે કાયના જીવો અસંજ્ઞી છે.
દીર્ઘકાલિકી સંજ્ઞાની દૃષ્ટિએ દેવ, નારક, ગર્ભજ તિર્યંચ
અને ગર્ભજ મનુષ્ય સંજ્ઞી છે અને એકેન્દ્રિયથી માંડીને
સંમૂર્ચ્છિમ મનુષ્ય સુધીના જીવો અસંજ્ઞી છે. અને
દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાની દૃષ્ટિએ ક્ષાયોપશમિક જ્ઞાન-
વાળા સમ્યગ્દૃષ્ટિ જીવો સંજ્ઞી છે અને તમામ મિથ્યાદૃષ્ટિ
જીવો અસંજ્ઞી છે. આમાં દીર્ઘકાલિકી સંજ્ઞાનો આશ્રય
[illegible] છે.

તાત્પર્ય કે કોઈ પણ જડ પદાર્થને અનુભવ કે જ્ઞાન એ બેમાંથી એક પણ વસ્તુ હોતી નથી.

૫-જીવનશક્તિ

જીવનશક્તિ પ્રાણ દ્વારા વ્યક્ત થાય છે, તેથી પ્રાણ શું છે? તે આપણે બરાબર સમજી લેવું જોઈએ. કેટલાક કહે છે કે પ્રાણ એ એક જાતનો વાયુ છે, કેટલાક કહે છે કે પ્રાણ એ એક જાતનો સૂક્ષ્મ પ્રવાહી પદાર્થ છે અને કેટલાક કહે છે કે પ્રાણ એ સૂર્યની ગરમી છે. પરંતુ જૈન શાસ્ત્રો કહે છે કે જીવ જેના સંયોગથી જીવન-અવસ્થાને પ્રાપ્ત થાય અને જેના વિયોગથી મરણ-અવસ્થાને પ્રાપ્ત થાય તેનું નામ પ્રાણ છે અને તે દશ પ્રકારના છેઃ પાંચ ઇન્દ્રિય, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય.

પાંચ ઇન્દ્રિયો દ્વારા જ્ઞાન કરવાની શક્તિને પાંચ ઇન્દ્રિયપ્રાણ કહેવામાં આવે છે. મનન કરવાની શકિતને મનોબળ કહેવામાં આવે છે, બોલવાની શક્તિને વચનબળ કહેવામાં આવે છે અને શારીરિક ક્રિયા કરવાની શક્તિને કાયબળ કહેવામાં આવે છે. શ્વાસ લેવાની અને મૂકવાની શક્તિને શ્વાસોચ્છ્વાસપ્રાણ કહેવામાં આવે છે અને અમુક કાલ સુધી જીવિત રહેવાની શક્તિને આયુષ્યપ્રાણ કહેવામાં આવે છે. જીવ આ પ્રાણોને ધારણ કરનારો હોવાથી પ્રાણ કહેવાય છે.

અહીં એટલી સ્પષ્ટતા કરવાની જરૂર છે કે બધા જ જીવોને દશ પ્રાણ હોતા નથી. એકેન્દ્રિય જીવોને ચાર

આ ત્રણ સંજ્ઞાને અનુલક્ષીને સંજ્ઞી–અસંજ્ઞીનું વર્ગીકરણ કરીએ તો નીચે પ્રમાણે થાય છે:

હેતુવાદોપદેશિકી સંજ્ઞાની દૃષ્ટિએ બેઇંદ્રિય આદિ જીવો સંજ્ઞી છે અને પૃથ્વી આદિ પાંચે કાયના જીવો અસંજ્ઞી છે. દીર્ઘકાલિકી સંજ્ઞાની દૃષ્ટિએ દેવ, નારક, ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્ય સંજ્ઞી છે અને એકેન્દ્રિયથી માંડીને સંમૂચ્છિંમ મનુષ્ય સુધીના જીવો અસંજ્ઞી છે. અને દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાની દૃષ્ટિએ ક્ષાયોપશમિક જ્ઞાનમાં વર્તનાર સમ્યગ્દૃષ્ટિ જીવો સંજ્ઞી છે અને તમામ મિથ્યાદૃષ્ટિ જીવો અસંજ્ઞી છે. આમાં દીર્ઘકાલિકી સંજ્ઞાનો વ્યવહાર મુખ્ય છે.

જ્ઞાન પણ એક પ્રકારની સંજ્ઞા છે.

જ્ઞાન પણ ચેતનાનો વિશિષ્ટ સંસ્કાર હોઈ એક પ્રકારની સંજ્ઞા છે. તેથી જ શાસ્ત્રોમાં અનુભવસંજ્ઞા અને જ્ઞાનસંજ્ઞા એવા બે પ્રકારો પાડેલા છે. ઉપર જે સોળ સંજ્ઞાઓ વર્ણવી તે અનુભવસંજ્ઞા છે અને મતિજ્ઞાનાદિ પાંચ પ્રકારનાં જ્ઞાનો એ જ્ઞાનસંજ્ઞા છે. આ જ્ઞાનસંજ્ઞાનો—જ્ઞાનનો વિસ્તાર શિક્ષાવલીની બીજી શ્રેણીના બીજા નિબંધ **જ્ઞાન-જ્યોતિ**માં કરેલો હોવાથી અહીં તેની પુનરુક્તિ કરતા નથી.

અહીં એટલું યાદ રાખવાનું કે આ જ્ઞાનસંજ્ઞા પ્રથમ સંજ્ઞા કરતાં ચડિયાતી છે અને જ્યારે અનુભવરૂપ સંજ્ઞા જડને હોતી નથી, ત્યારે જ્ઞાનરૂપ સંજ્ઞા તો હોય જ ક્યાંથી?

તાત્પર્ય કે કોઈ પણ જડ પદાર્થને અનુભવ કે જ્ઞાન એ બેમાંથી એક પણ વસ્તુ હોતી નથી.

૫-જીવનશક્તિ

જીવનશક્તિ પ્રાણ દ્વારા વ્યક્ત થાય છે, તેથી પ્રાણ શું છે? તે આપણે બરાબર સમજી લેવું જોઈએ. કેટલાક કહે છે કે પ્રાણ એ એક જાતનો વાયુ છે, કેટલાક કહે છે કે પ્રાણ એ એક જાતનો સૂક્ષ્મ પ્રવાહી પદાર્થ છે અને કેટલાક કહે છે કે પ્રાણ એ સૂર્યની ગરમી છે. પરંતુ જૈન શાસ્ત્રો કહે છે કે જીવ જેના સંયોગથી જીવન-અવસ્થાને પ્રાપ્ત થાય અને જેના વિયોગથી મરણ-અવસ્થાને પ્રાપ્ત થાય તેનું નામ પ્રાણ છે અને તે દશ પ્રકારના છે: પાંચ ઇન્દ્રિય, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય.

પાંચ ઇન્દ્રિયો દ્વારા જ્ઞાન કરવાની શક્તિને પાંચ ઇન્દ્રિયપ્રાણ કહેવામાં આવે છે. મનન કરવાની શક્તિને મનોબળ કહેવામાં આવે છે, બોલવાની શક્તિને વચનબળ કહેવામાં આવે છે અને શારીરિક ક્રિયા કરવાની શક્તિને કાયબળ કહેવામાં આવે છે. શ્વાસ લેવાની અને મૂકવાની શક્તિને શ્વાસોચ્છ્વાસપ્રાણ કહેવામાં આવે છે અને અમુક કાલ સુધી જીવિત રહેવાની શક્તિને આયુષ્યપ્રાણ કહેવામાં આવે છે. જીવ આ પ્રાણોને ધારણ કરનારો હોવાથી પ્રાણ કહેવાય છે.

અહીં એટલી સ્પષ્ટતા કરવાની જરૂર છે કે બધા જ જીવોને દશ પ્રાણ હોતા નથી. એકેન્દ્રિય જીવોને ચાર

[illegible]

[illegible]
અને વચનબળ એ બે પ્રાણ વધારે હોય છે, એટલે કુલ છ પ્રાણ
હોય છે. તેઇન્દ્રિયજીવોને આ છ પ્રાણ ઉપરાંત ઘ્રાણેન્દ્રિય અધિક
હોય છે, એટલે કુલ સાત પ્રાણ હોય છે. ચઉરિન્દ્રિય જીવોને
આ સાત પ્રાણ ઉપરાંત ચક્ષુરિન્દ્રિય અધિક હોવાથી આઠ
પ્રાણ હોય છે. અસંજ્ઞી પંચેન્દ્રિયજીવોને આ આઠ પ્રાણ
ઉપરાંત એક શ્રોત્રેન્દ્રિય અધિક હોવાથી નવ પ્રાણ હોય છે
અને સંજ્ઞી પંચેન્દ્રિયને મનોબળ વધારે હોવાથી દશ
પ્રાણ હોય છે.

ઇન્દ્રિયો

ઇંદ્રનું જે લિંગ–ચિહ્ન તે ઇંદ્રિય. અહીં ઇંદ્ર શબ્દથી જીવ કે આત્મા સમજવાનો છે, કારણ કે તેને સર્વ ઉપલબ્ધિ અને સર્વ ઉપભોગનું ઐશ્વર્ય હોય છે. ઉપલબ્ધિ એટલે જાણવાની શક્તિ અને ઉપભોગ એટલે વિવિધ ભાવોનો અનુભવ.

ઇંદ્રિયના પાંચ પ્રકારો સર્વ દર્શનને માન્ય છે અને વ્યવહારમાં પણ તેની જ પ્રસિદ્ધિ છે. જો કે આજે છઠ્ઠી ઇન્દ્રિયની વાત પણ કરવામાં આવે છે કે જેને ઈ. એસ. પી. એટલે એક્સ્ટ્રા સેન્સરી પર્સેપ્શન (Extra sensory perception) કહેવામાં આવે છે. પરંતુ આપણી દૃષ્ટિએ આ એક વિશિષ્ટ લબ્ધિ છે, એટલે તેને ઇંદ્રિય ગણવાને યોગ્ય નથી.

પાંચે ઇંદ્રિયના દ્રવ્ય અને ભાવ એમ બે બે પ્રકારો છે. તેમાં પુદ્ગલમય જડ ઇંદ્રિય તે દ્રવ્યેંદ્રિય છે અને તે સંબંધી થતો આત્મપરિણામ કે ચેતનાવ્યાપાર તે ભાવેંદ્રિય છે.

દ્રવ્યેંદ્રિય પણ નિર્વૃતિ અને ઉપકરણના ભેદથી બે પ્રકારની છે અને તે દરેકના બાહ્ય અને અભ્યંતર પ્રકારો ગણતાં બાહ્ય–નિર્વૃતિ, અભ્યંતર–નિર્વૃતિ, બાહ્ય–ઉપકરણ અને અભ્યંતર–ઉપકરણ એવા ચાર પ્રકારો થાય છે.

ઇંદ્રિયની દશ્ય આકૃતિ તે બાહ્યનિર્વૃતિ અને તેની અંદર અમુક ઠેકાણે રહેલો પુદ્ગલનો આકારવિશેષ તે અભ્યંતરનિર્વૃતિ. આપણા નાક–કાન દેખાય છે, તે બાહ્ય નિર્વૃતિ છે અને તેની અંદર અમુક ભાગમાં પુદ્ગલોની અમુક આકારે રચના છે, તે અભ્યંતરનિર્વૃતિ છે. શાસ્ત્રકારોએ આ પાંચે અભ્યંતરનિર્વૃતિનું વર્ણન કરેલું છે. તેઓ કહે સ્પર્શનેન્દ્રિયની અભ્યંતરનિર્વૃતિ જૂદા જૂદા પ્રાણીઓનાં શરીર પ્રમાણે હોય છે. રસનેંદ્રિયની અ. નિ. ક્ષુરપ્ર એટલે અસ્ત્રાના આકાર જેવી હોય છે; ઘ્રાણેંદ્રિયની અ. નિ. અતિમુક્તક પુષ્પ કે કાહલ એટલે પડઘમ નામનાં વાજિંત્રના આકારે હોય છે; ચક્ષુરિંદ્રિયની અ. નિ. મસુરની દાળના આકારે હોય છે અને શ્રોતેંદ્રિયની અ. નિ. કદંબના પુષ્પ જેવી માંસના ગોળાના આકારે હોય છે.

[illegible]

આરોપ કરીને તેને ઉપયોગેન્દ્રિય કહેલી છે.

પ્રાણીઓના એકેન્દ્રિયાદિ જે વિભાગો પાડવામાં આવે છે, તે દ્રવ્યેન્દ્રિયથી સમજવા; કારણ કે ભાવેન્દ્રિયમાં [illegible] જોઇએ તો બધા જ પ્રાણીઓ પંચેન્દ્રિય છે અને ઉપયો

(૧) દ્રવ્યમન હોય પણ ભાવમન ન હોય.

(૨) ભાવમન હોય પણ દ્રવ્યમન ન હોય.

(૩) ભાવમન પણ હોય અને દ્રવ્યમન પણ હોય.

(૪) ભાવમન પણ ન હોય અને દ્રવ્યમન પણ ન હોય.

કેવળી ભગવંતોને દ્રવ્યમન હોય છે, પણ ભાવ-ચિંતનરૂપ મનન વ્યાપાર હોતો નથી, એટલે તેમને ભાવમન હોતું નથી. તેઓ ભૂત-ભવિષ્ય વર્તમાનનું બધું જ કેવળ જ્ઞાનથી પ્રત્યક્ષ જુએ છે, એટલે તેને કલ્પના-વિચારણા શું? માત્ર સ્વર્ગસ્થ દેવોના માનસિક પ્રશ્નો ઉત્તર દે તેને અનુકૂળ મન સર્જે છે, એ દ્રવ્યમન. એકેંદ્રિય, બેઇંદ્રિ તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, સંમૂર્ચ્છિમ તિર્યંચ અને સંમૂર્ચ્છિ

તેનો સંબંધ પામતું નથી. × 'મારું મન અમુક વસ્તુમાં ગયું' એમ જે કહેવાય છે, તે માત્ર વ્યવહારથી કહેવાય છે, એટલે તેને વ્યાવહારિક વચન સમજવું.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બંને મનના વિષયો છે, તો પણ સ્પષ્ટ અને વિશેષગ્રાહી એવા શ્રુતજ્ઞાનની તેમાં મુખ્યતા છે, તેથી જ 'श्रुतमनिन्द्रियस्य' એવું સૂત્ર પ્રચલિત થયેલું છે.

મનની વૃત્તિઓ અનંત છે, પણ વ્યવહારની સરલતા ખાતર તેના બે વિભાગો પાડવામાં આવ્યા છે: એક શુભ-વૃત્તિ અને બીજી અશુભવૃત્તિ. તેમાં જેના વડે શુભકર્મનો આસ્રવ થાય તે શુભવૃત્તિ કહેવાય અને અશુભકર્મનો આસ્રવ થાય તે અશુભવૃત્તિ કહેવાય. મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય એ ચાર ભાવનાઓથી ભાવિત થયેલું મન શુભકર્મને અર્થાત્ પુણ્યને પેદા કરે છે અને વિષયલાલસા તથા ક્રોધાદિ કષાયોમાં રમણ કરી રહેલું મન અશુભકર્મને અર્થાત્ પાપને પેદા કરે છે. તેથી જ મહાપુરુષોનો ઉપદેશ અશુભ મનોવૃત્તિઓને અટકાવવાનો છે.

દૃઢ સંકલ્પ, નિશ્ચય કે પ્રતિજ્ઞાથી મનને અશુભ વૃત્તિઓમાંથી જતું અટકાવી શકાય છે; અને તેથી જ વ્રત-

× આ વિષયમાં વિશેષ જાણવા ઇચ્છનારે વિશેષાવશ્યક ભાષ્ય જોવું. તેનો સાર અમે મુંબઈ જૈન ધાર્મિક શિક્ષણસંઘ તરફથી પ્રકટ થયેલ ધાર્મિક પ્રશ્નોત્તરી ભાગ ત્રીજામાં આપેલો છે, જે પૃ. ૧૦૯ થી શરૂ થાય છે.

નિયમ-પ્રત્યાખ્યાનનો મહિમા છે. હંસ અને કેશવની વાત આપણને આ વસ્તુની વિશેષ પ્રતીતિ કરાવશે.

હંસ અને કેશવની વાત

હંસ અને કેશવ નામના બે ભાઈઓ હતા. તેઓ એક વખત કોઈ કામપ્રસંગે બહાર ગયા, ત્યાં ગુરુ મહારાજ મળ્યા અને તેમણે ઉપદેશ આપ્યો કે 'હે મહાનુભાવો! રાત્રિના સમયે નિરંકુશપણે વિચરતા પ્રેત-પિશાચાદિ અન્નને એઠું કરે છે, માટે સૂર્યાસ્ત થયા પછી ભોજન કરવું નહિ. ઘોર અંધકારથી તેમની શક્તિ રૂંધાઈ જવાનાં કારણે ભોજનની અંદર પડતાં જંતુઓને જોઈ શકાતાં નથી, તેથી રાત્રિએ ભોજન કરવું એ મહાપાપ છે. ભોજનમાં જો કીડી આવે તો બુદ્ધિનો નાશ થાય છે, માખી આવે તો વમન થાય છે, કરોળિયો આવે તો કોઢ ઉત્પન્ન કરે છે, કાંટો કે હાડકાંની કરચ આવે તો ગળામાં વેદના થાય છે. આમ રાત્રિભોજન કરવામાં અનેક દોષો રહેલા છે, તેથી તે અવશ્ય ત્યાગ કરવા યોગ્ય છે.'

ત્યાગી નિઃસ્પૃહી ગુરુ મહારાજનો આ ઉપદેશ સાંભળી બંને ભાઈઓએ રાત્રિભોજન કરવું નહિ, એવી પ્રતિજ્ઞા લીધી.

હવે કામથી પરવારી તેઓ ઘરે આવ્યા, ત્યારે સૂર્ય અસ્તાચલની પછવાડે પહોંચી ગયો હતો, એટલે તેમણે ભોજન કરવાની ના પાડી. પિતાએ પૂછ્યું કે 'કેમ જમવું નથી?' ત્યારે તેમણે કહ્યું કે 'રાત્રિએ ભોજન કરવામાં અનેક દોષ છે, માટે અમે આજથી રાત્રિભોજન નહિ કર-

[illegible]

[illegible]

પોતાની પ્રતિજ્ઞાનો વિરોધ કરવા [illegible] ત્યાગ કર્યો. [illegible]
વખતે [illegible] હોતો [illegible] પિતાએ તેનો હાથ પક[illegible]
અને 'તું તો [illegible] !' એમ કહી તેને [illegible]
રાખી લીધો.

કેશવ એકલો પડયો, પણ તે ફીકર કરતો નથી. તેને મન તો પ્રતિજ્ઞા એજ સર્વસ્વ છે, પરંતુ આ પ્રતિજ્ઞાનું પાલન કરતાં તેને કેવી આકરી કસોટીમાંથી પસાર થવું પડે છે, તે આપણે જોવાનું છે. બને છે એવું કે તેને દિવસના ભાગમાં કંઈ ખાવાનું મળતું નથી, જે મળે છે તે સૂર્યાસ્ત પછી જ મળે છે અને એ રીતે તેને કડાકા ઉપર કડાકા થાય છે. આ રીતે સાતસો દિવસ થતાં મધ્યરાત્રિના સમયે તે ભંડીરવ નામના યક્ષનાં મંદિરે આવી પહોંચે છે. આજે પૂર્ણિમા હોવાથી કેટલાક લોકો ત્યાં યક્ષની પ્રાર્થના કરતા બેઠા છે. તેમને એવી પ્રતિજ્ઞા છે કે 'આ વખતે કોઈ અતિથિ-મહેમાન આવી પહોંચે તો પ્રથમ તેને જમાડીને પછી જમવું. તેઓ કશવને જોતાં જ હર્ષમાં આવી જાય છે અને તેને જમાડવા માટે બધી તૈયારીઓ કરવા લાગે છે, પરંતુ કેશવ હાથ ઊંચો કરીને કહે છે કે 'ભાઈઓ! મારે જમવું નથી, માટે કંઈ તૈયારી કરશો નહિ.'

લોકોએ કહ્યું કે 'કેમ તમે આમ બોલો છો ? જમ્યા વિના તે ચાલે ? વળી અમે બધા ભૂખ્યા બેઠા છીએ. અમારે એવી પ્રતિજ્ઞા છે કે કોઈ અતિથિ આવે તો તેને જમાડીને પછી જમવું અને તમે બરાબર ટાંકણે જ આવી પહોંચ્યા છો.'

સાત સાત દિવસથી પેટમાં કંઈ પડયું નથી. હવે તો ચાલતાં પણ આંખે અંધારા આવે છે. આવા વખતે લોકો જમવાનો આગ્રહ કરે છે, પણ કેશવ પોતાની પ્રતિજ્ઞામાંથી જરાયે ચલિત થતો નથી. કેવું દૃઢ હશે તેનું મનોબળ!

કેશવ નમ્રતાપૂર્વક જણાવવા લાગે છે કે ‘ ભાઈઓ ! મારે રાત્રે નહિ જમવાની પ્રતિજ્ઞા છે. માટે તમે સવાર સુધી થોભી જાઓ, પછી હું જમીશ. ’

લોકો કહે છે કે ‘ જો તમે અત્યારે નહિ જમો તે વાત મધ્યરાત્રિ પર જશે અને ત્યાં સુધીમાં તો કેટલાક માણસો ભૂખના માર્યા મરી જશે. શું તમને એનું પાપ નહિ લાગે ? માટે ભલા થઈને અમારી વિનંતિનો સ્વીકાર કરો. તમારે રાત્રે જમવાની પ્રતિજ્ઞા હોય તો પણ ઘણાનાં કલ્યાણની ખાતર અત્યારે જ જમી લો. ’ પરંતુ કેશવને આ વચનોની અસર થતી નથી. આ સ્થળે જો કોઈ ઢીલો પોચો પ્રતિજ્ઞાધારી હોત તો તે ગણાભિયોગના આગારને યાદ કરી જમવા બેસી ગયો હોત અને સારી રીતે ઉદર-તૃપ્તિ કરત, પણ કેશવ પૂરેપૂરો દઢ હતો. તેનાં મનમાં એક જ વાત વસી હતી કે ‘ પ્રાણ જાય પણ પ્રતિજ્ઞા ન જાય એ મહાપુરુષોની રીતિ છે અને મારે તે જ રીતિને અનુસરવી છે. ’

બરાબર આજ વખતે ભંડીરવ યક્ષ પ્રગટ થાય છે અને હાથમાં મુદ્‌ગર લઈ ક્રોધથી ધમધમતો કેશવની સમક્ષ આવે છે, અને મોટા અવાજથી કહે છે કે ‘ તું આ લોકોનું કહ્યું કેમ માનતો નથી ? જો તારે જીવવું હોય તો અત્યારે જ જમી લે, નહિ તો આ મુદ્‌ગરથી તારું માથું ફોડી નાખીશ. ’

યાત્રાળુઓ યક્ષને પ્રકટ થયેલો જોતાં જ હર્ષમાં

આવી જાય છે, પણ કેશવની સ્થિતિ ઘણી વિચિત્ર થઈ પડે છે. સામે ભયંકર યક્ષ ઊભો છે, હાથમાં અતિ વજનદાર મુદ્ગર છે. તેનો એક જ ઘા થાય અને રામ રમી જાય એવી પરિસ્થિતિ છે. હવે શું કરવું ? તેનો એ વિચાર કરે છે. જો અહીં હીલા પડીને કામ પતાવવું હોત તો દેવાભિયોગનો આગાર તેને આધાર આપે એમ છે, પરંતુ કેશવને એ ઠીક લાગતું નથી. તે પોતાની પ્રતિજ્ઞામાં દૃઢ રહે છે અને ઉત્તર આપતાં જણાવે છે કે ' હે યક્ષરાજ ! આપને જે કરવું હોય તે કરી શકો છો, પણ મારી પ્રતિજ્ઞા હું તોડનાર નથી. '

આજ વખતે યક્ષ પોતાની દૈવી શક્તિથી તેને પ્રતિજ્ઞા-પચ્ચક્ખાણ આપનાર ગુરુને હાજર કરે છે. તે કેશવને કહે છે કે ' હવે બહુ થયું. તું ઘણાના ભલાની ખાતર જમી લે.' પરંતુ કેશવ વિચારમાં પડે છે કે ' જે ગુરુએ મને રાત્રે ન જમવાની પ્રતિજ્ઞા આપી, તેજ ગુરુ મને રાત્રે જમવાનું કેમ કહે ? માટે આમાં કંઈક દગો લાગે છે. ' તેથી તે શાંત ઊભો રહે છે.

આ જોઈ યક્ષ કહે છે કે ' અરે કેશવ ! જો તું નહિ માને તો તને પ્રતિજ્ઞા આપનાર ગુરુનો અબઘડી નાશ કરીશ અને તારો પણ નાશ કરીશ. ' એમ કહીને તેણે ગુરુ પર મુદ્ગરનો ભયંકર પ્રહાર કર્યો અને ગુરુ આર્તનાદ કરવા લાગ્યા. મનુષ્યને ચળાવવા-ડગાવવા-ઢીલો પાડવા આટલું પૂરતું છે, પણ આ વસ્તુ યે કેશવને તેની પ્રતિજ્ઞામાંથી

મુદ્દગર માથા પર પડ્યો કે નહિ ? તેની પણ ... જોયું તે
ખબર પડી નહિ. તેણે થોડી વારે આંખ ઉઘાડીને જોયું તે
યક્ષ અદૃશ્ય થયેલો હતો, યાત્રાળુઓ પણ અદૃશ્ય થયે
હતા અને સામે તેજના અંબાર સમો એક દેવ ઊભો હ
તે કહે છે કે ' હે કેશવ ! આ બધી તો દેવમાયા હ
તારી અડગ પ્રતિજ્ઞાથી હું પ્રસન્ન થયો છું, માટે તને
વરદાન આપું છું. પ્રથમ વરદાન એ કે તું આજથી સા
દિવસે રાજા થઈશ. બીજું વરદાન એ કે તું તારાં શરી

પણ ભાગ પીઈને તે પાણી રોગીનાં શરીર પર છાંટીશ અને તેવો ભારે રોગ પણ મટી જશે, અને ત્રીજું ન એ કે તું કોઈ વસ્તુની પ્રબળ ઈચ્છા કરીશ હું પૂર્ણ કરીશ.' આટલા શબ્દો બોલી દેવ અદૃશ્ય થયો.

બીજા દિવસનું પ્રાતઃકાળ થયું અને પૂર્વાકાશમાં ભાનુ-સવારી આવી પહોંચી, તે વખતે કેશવ નગરીમાં દાખલ અને ત્યાં પારણું કર્યું. છ દિવસ તેણે ત્યાં જ પસાર કર્યે તે રાત્રે સૂતો છે, ત્યાં ગામનો રાજા અપુત્રિયો પામ્યો, એટલે મંત્રી વગેરે હાથણીની સૂંઢમાં કળશ ી નવા રાજાની શોધમાં નીકળ્યા. તે હાથણી ચાલતાં તાં જ્યાં કેશવ સૂતો છે, ત્યાં આવી પહોંચી અને તેનાં કળશ ઢોળીને ઊભી રહી, એટલે બધાએ તેનો રાજા કે સ્વીકાર કર્યો. આ રીતે દેવે આપેલું પ્રથમ વરદાન મર ફળ્યું અને તે સાત દિવસમાં જ એક રઢિયાળા રનો સ્વામી થયો.

થોડા દિવસ બાદ કેશવ શહેરમાં ફરવા નીકળ્યો છે, એક ચીંથરેહાલ ભીખારીને જુએ છે. તે એને જોતાં સમજી જાય છે કે 'આ બીજું કોઈ નહિ પણ મારા ાજી જ છે.' એટલે તે દોડીને પગે પડે છે અને પૂછે ; 'પિતાજી! આ શું?' પિતા પણ તેને ઓળખી લે અને કહે છે કે 'બેટા કેશવ! તું અહીં ક્યાંથી?' ા કહે છે કે 'હું આ નગરનો રાજા થયો છું.' પછી થી ઇતિ સુધી બધી વાત કહે છે.

પિતા કહે છે કે 'ભાઈ! તેં બહુ સારું કર્યું. તેં જો તારી પ્રતિજ્ઞા–ટેક ન છોડી તો આવા સારા દિવસો જોવાનો વખત આવ્યો. હું તો તું ગયો છે, તે દિવસથી જ દુઃખી દુઃખી થઈ ગયો છું. તે દિવસે તારા મોટાભાઈ હંસે રાત્રે ભોજન કર્યું, તેમાં કોઈ ઝેરી જંતુની લાળ આવી ગઈ. આથી તેને ઉલટી અને ઝાડા થવા લાગ્યા. ઘણા ઉપચાર કર્યા, પણ દર્દ કાબૂમાં આવ્યું નહિ. તેનું આખું શરીર લીલું કાચ થઈ ગયું અને ભયંકર વેદના થવા લાગી. ઘણા ઘણા ઉપાયો કરવા છતાં એ વેદના મટી નહિ. આખરે એક અનુભવી વૃદ્ધ વૈદ્યે કહ્યું કે 'તમે ત્રીસ દિવસ પહેલાં અમુક ઔષધ લઈ આવો તો તમારો પુત્ર સાજો થઈ શકશે. પછી ધન્વંતરી પોતે આવશે તો પણ આ રોગ મટશે નહિ.' ત્યારથી હું ઔષધની શોધમાં નીકળ્યો છું અને અનેક ગામો–જંગલોમાં રખડતાં રખડતાં આ હાલતે પહોંચ્યો છું!

આ સાંભળી કેશવને અત્યંત દુઃખ થયું. જો પોતાનું અંગ ધોઈને તેનું પાણી પાય, તો આ રોગ જરૂર મટી જાય, પણ તે ત્યાં અને હું અહીં! વચ્ચે સેંકડો માઈલનું અંતર, ત્યાં શું થાય? તે ગંભીરતાથી વિચાર કરે છે, ત્યાં દેવનું ત્રીજું વરદાન યાદ આવ્યું, એટલે તેણે પોતાના પિતાને તથા પોતાને પોતાનાં ઘરમાં મૂકી દેવાની પ્રબળ ઈચ્છા કરી અને તે જ વખતે દેવે તે બંનેને ઉપાડીને નિમિષમાત્રમાં તેમનાં ઘરે મૂકી દીધા.

કેશવે પોતાનું શરીર ધોઈને હંસાને પાયું કે હંસાનું શરીર મૂળ હાલતમાં આવી ગયું અને તેની બધી વેદના શાંત થઈ ગઈ. આ જોઈ બધા ખૂબ આશ્ચર્ય પામ્યા અને તેને ધન્યવાદ આપવા લાગ્યા.

કેશવે કહ્યું કે ' આ ધન્યવાદ મને નહિ, પણ મેં લીધેલાં રાત્રિભોજન-વિરમણ-વ્રતને ઘટે છે, માટે તમે બધા આજથી એ વ્રત અંગીકાર કરો અને બધાએ એ વ્રત અંગીકાર કર્યું'. પછી તે બધા સ્વજનોને લઈ પોતાનાં રાજ્યમાં ગયો અને ત્યાં વ્રતને સારી રીતે પાળી તથા ધર્મનું આરાધન કરી સુખી થયો.

